# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## સત્સંગ વિહાર - ૨ : પ્રેક્ટિસ પેપર - ૧

## પ્રશ્નપત્ર - ૧

સમય : ૧ કલાક
કુલ ગુણ : ૫૦

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૨૫]**

૧. ભગવાન પોતે પૃથ્વી ઉપર કેમ અવતરે છે?
(૧) ભગવાન ભક્તોને પોતાના માને છે. ૧. [ ]
(૨) સ્વર્ગમાં બેઠા બેઠા જ તેમનું કામ કરવા સમર્થ નથી.
(૩) પૃથ્વી ઉપર જન્મ લેવામાં તેમને તકલીફ પડે છે.

૨. કર્મનું ફળ આપનાર કોણ છે?
(૧) ભગવાન (૨) મિત્રો (૩) સંબંધી ૨. [ ]

૩. ઘનશ્યામ મહારાજનાં પિતાનું નામ શું હતું?
(૧) ધોરીભાઈ (૨) ધર્મદેવ (૩) ધીરજદેવ ૩. [ ]

૪. અનાદિ તત્વો કેટલા છે?
(૧) ૨ (૨) ૩ (૩) ૫ ૪. [ ]

૫. સમાધિ એ અષ્ટાંગ યોગનું કયું પગથિયું છે?
(૧) પ્રથમ (૨) વચ્ચેનું (૩) છેલ્લું ૫. [ ]

૬. જગરૂપ બારોટે શ્રીજી મહારાજને કયા ગામે બોલાવ્યા?
(૧) સીંજીવાડા (૨) ગઢડા (૩) મેથાન ૬. [ ]

૭. કાશીદાસની માતાનું નામ શું હતું?
(૧) નીતાબા (૨) નાનીબા (૩) નીતીબા ૭. [ ]

૮. કયા ગામમાં હાથી ઉપર બેઠા બેઠા શ્રીજી મહારાજે કાકડી ખાધી હતી?
(૧) જૂનાગઢ (૨) વડોદરા (૩) અમદાવાદ ૮. [ ]

૯. શ્રીજી મહારાજે દરેક પરમહંસોને કેટલા હાથ કંતાન આપવાની આજ્ઞા કરી?
(૧) પાંચ (૨) ત્રણ (૩) બે ૯. [ ]

૧૦. 'કોઈ મનુષ્ય ગંગાજીને કાંઠે આવે અને તરસ્યો જાય તે કેવો કહેવાય?'
આવું શ્રીજી મહારાજે કોને પૂછ્યું?
(૧) બ્રહ્માનંદ સ્વામીને (૨) કાશીદાસને (૩) મુક્તાનંદ સ્વામીને ૧૦. [ ]

૧૧. ''આ અમારા જેવા સંત છે.'' આવું શ્રીજી મહારાજે કયા સાધુ માટે કહ્યું?
(૧) નિત્યાનંદ સ્વામી (૨) ગોપાળાનંદ સ્વામી (૩) ગુણાતીતાનંદ સ્વામી ૧૧. [ ]

૧૨. ગુણાતીતાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીને શું સમજાવ્યું?
(૧) નિયમધર્મ (૨) વર્તણૂંક (૩) ઉપાસના ૧૨. [ ]

૧૩. પરબ્રહ્મની ભક્તિ કરવાનો અધિકાર કોને છે?

(૧) પૂજારીને (૨) બ્રહ્મરૂપ થાય તેને (૩) સાધુને ૧૩. [ ]

૧૪. 'ગુણાતીતાનંદ સ્વામી માટે મારો દેહ કુરબાન છે.' આવું કોણે કહ્યું?

(૧) નાથા ભક્તે (૨) જાગા ભક્તે (૩) પ્રાગજી ભક્તે ૧૪. [ ]

૧૫. શાસ્ત્રીજી મહારાજનાં શરીર માટે પ્રમુખસ્વામી મહારાજ શું કહેતા?

(૧) ગભરૂ (૨) મુઠ્ઠીભર હાડકાંનો દેહ (૩) ટૂંકો ૧૫. [ ]

૧૬. ચોરી કરીએ ત્યારે કોને છેતર્યા કહેવાય?

(૧) પોતાની જાતને (૨) મિત્રોને (૩) ભગવાનને ૧૬. [ ]

૧૭. શ્રીજી મહારાજ તેમની કલ્યાણયાત્રા દરમ્યાન કયા નામે ઓળખાતા હતા?

(૧) સરજુદાસ (૨) નારાયણમુનિ (૩) નીલકંઠ વર્ણી ૧૭. [ ]

૧૮. નારાયણસ્વરૂપ સ્વામીની અટલાદરાથી સારંગપુરની યાત્રા કેટલી લાંબી હતી?

(૧) ૨ કલાક (૨) ૫ કલાક (૩) ૧૫ કલાક ૧૮. [ ]

૧૯. કોણે રાજી થઈને કૂરજી દવેને રૂમાલ ભેટમાં આપ્યો?

(૧) મુક્તાનંદ સ્વામી (૨) રામાનંદ સ્વામી (૩) બ્રહ્માનંદ સ્વામી ૧૯. [ ]

૨૦. કયા ખૂનીને રામસંગબાપુએ તેમની ટોળીમાં લીધો?

(૧) જોરૂભા (૨) ટેમુભા (૩) મેરૂભા ૨૦. [ ]

૨૧. ખીમા સુથારે મહારાજને શું ભેટમાં આપ્યું?

(૧) માળા (૨) કંઠી (૩) જામો ૨૧. [ ]

૨૨. 'શ્રીજી મહારાજની જીભ પર પગ કેમ મૂકાય? આવું કોણ કહે છે?

(૧) જગરૂપ બારોટ (૨) જોબનપગી (૩) જોધો ભરવાડ ૨૨. [ ]

૨૩. 'રાજ્યમાં વાસના રાખશો નહીં અમારા સ્વરૂપમાં જ વાસના રાખજો.' આવું શ્રીજી મહારાજે કોને કહ્યું?

(૧) કુશળકુંવરબાને (૨) દાદાખાચરને (૩) વજેસિંહને ૨૩. [ ]

૨૪. બધા જ દર્દોની એક દવા કઈ છે?

(૧) પરાસભા (૨) સત્સંગસભા (૩) ઘરસભા ૨૪. [ ]

૨૫. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાના પાંચમાંથી નીચેનો કયો ઉપવાસ નિર્જળા છે?

(૧) જળ ઝીલણી એકાદશી (૨) ભીમ એકાદશી (૩) પવિત્રા એકાદશી ૨૫. [ ]

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો. [૧૦]**

૧. શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ.ની સ્થાપના ૧૯૦૭માં કરી ૧. [ ]

૨. ઝીણા ભગતે તેમનાં મિત્રોને નદીમાં તરતા શીખવાડ્યું. ૨. [ ]

૩. ૧૭-૩-૨૦૧૭ના રોજ નૈરોબી જતા પ્લેનમાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજ વચનામૃત વંચાવતા હતા. ૩. [ ]

૪. નારાયણસ્વરૂપદાસ શાસ્ત્રીજી મહારાજ પાસે ભક્ત ચિંતામણી વાંચવા માટે સારંગપુર જવા સવારે ૩ વાગ્યે નીકળ્યા. ૪. [ ]

૫. સત્પુરુષ આપણો આત્મા છે. ૫. ☐

૬. રામસંગ બાપુએ તેમના જીવનનાં ૨૦ વર્ષ સત્સંગમાં વિતાવ્યા. ૬. ☐

૭. ખીમા સુથાર ઉપર જંત્રમંત્ર કરનાર માણસ દીક્ષા લઈને સચ્ચિદાનંદ સ્વામી બન્યો. ૭. ☐

૮. ભગવાનની મૂર્તિ પારસમણી જેવી છે. ૮. ☐

૯. શ્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢના મહંત બનાવ્યા. ૯. ☐

૧૦. તપ અને સેવા અક્ષરધામમાં જવાની બે પાંખો છે. ૧૦. ☐

**પ્ર.3 નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો. [૬]**

૧. અક્ષર પુરુષોત્તમ ઉપાસનામાં કઈ ચાર વસ્તુ સમજવાની છે?

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

૨. દિલ્હીથી મુંબઈ જતાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજે ઠાકોરજીને ગરમી ન લાગે માટે શું કર્યું?

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

3. સેવા કરતા કરતા પ્રાગજી ભક્ત કેવા ઉપવાસ કરતા?

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૪]**

૧. પુરુષોત્તમની ભક્તિ ..........................................................................................

..........................................................................................

..........................................................................................

.......................................................................... અક્ષરપુરુષોત્તમ ઉપાસના.

૨. ઉત્તિષ્ઠ સહજાનંદ ..........................................................................................

..........................................................................................

..........................................................................................

.......................................................................... સૌભાગ્યં વર્ધતે મમ ॥

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૫]**

૧. યોગીજી મહારાજ દ્વારા થાળગાન (પાઠ નં. ૧)

૨. આત્માનંદ સ્વામીને મહારાજની મહાનતા સમજાઈ (પાઠ નં. ૧૨)

૩. બી.એ.પી.એસ. સંસ્થા એક અજોડ સંસ્થા (પાઠ નં. ૪૦)

**ટૂંકનોંધનું નામ :** ..........................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**(5)**